





‘કલેક્ટર’ને છોડવવા એટલા થશે!
ધારાસભ્યો-સાંસદોને છોડવા કેટલા થશે?
બાંધી ધો ભાવ - કોષ્ટક કેદી સોંપવાના -
ભક્ત અમે બહુચરના દેશું જેટલા થશે!!
(શાંતિપૂર્વક સંપર્ક - મંત્રણા ચાલે છે)

અમને ખપે -
એવા રાષ્ટ્રપતિ જે -
પટપટાવે..
(પક્ષોનું ચિંતન શરૂ..)

છે બધા પક્ષે,
બાંગારૂ લક્ષ્મણો જ
ઓળંગે રેખા..
(ચૂંટણી ફંડ ફંદા)




## ચિંતન

**ખલ સહક્રિયમાણોઅપિ દદાતિ કલહં સતામ્ ।**
**દુગ્ધેનધૌતો અપિ કિયાંતિ વાયસ કલ હંસામ્ ॥**

‘દુર્જનને ગમે તેટલો પ્રેમ-સત્કાર-માન આપો છતાં પણ તે સજ્જન લોકોને તો એના બદલે કજિયો-કંકાસ જ આપશે. ભલે ને કાગડાને નિત્ય દૂધથી ધોવામાં આવે છતાં પણ તે હંસ જેવો સફેદ થોડો થઇ જવાનો?!

કેટલાક લોકો દુષ્ટ-વહેમી-શંકાશીલ અને સ્વભાવથી જ નકારાત્મક અને બીજાનું બૂરું અને કેમ ખરાબ થાય એવા જ વિચાર ધરાવે છે. વિના વિચારે મરજી મુજબ ગમે તેમ - ગમે તેવું બોલી સજ્જન લોકોના હૃદયને ઠેંસ પહોંચાડે છે.

સજ્જન લોકો પોતાના સારા સ્વભાવથી દુર્જનનું હિત વિચારે છતાં દુર્જનને એમાં દોષ જ દેખાય છે અને સાદી-સરળ વાતમાં પણ વાંધાવચકાં ઊભો કરી સત્કાર્યને ખોરવી નાખે છે. સારા પ્રસંગોમાં વાંધા-વચકા પાડી બાધા ઊભી કરે છે આવા માણસને ગમે તેટલો સાચવવામાં આવે છતાં પણ એ સજ્જન લોકોને માટે તો ત્રાસ-કંકાસ જ આપશે.

દુર્જનની નસેનસમાં નકારાત્મકતાનું લોહી વહે છે કોઇ પણ બાજુની કાળી બાજુ જ તેને વધારે દેખાય-કાગડાને દૂધે નવડાવવાથી એ કંઇ હંસ થઇ જતો નથી તેમ દુર્જનને કોઇ સલાહ-સૂચન-જ્ઞાન-સમજ અસર કરતાં જ નથી.

## સુવિચાર

- મન જ્યારે પોતાને, પોતાનાં કાર્યોને, પોતાની રીતોને, પોતાના હેતુ અને પોતાની નીતિ-રીતિ અને શોધને અને પોતાની બાહ્ય માગણીઓને જ નહીં પણ આંતરિક ઇચ્છાઓને અને તેના આશયોને સમજે છે ત્યારે જાતે જ શાંત થઇ જાય છે - જે. કૃષ્ણમૂર્તિ
- તમારા મનમાં વિચારોનું સરઘસ ચાલે છે એમાં જોડાયા વિના તટસ્થ ભાવે તેને માત્ર જોયા કરો, તો મન આપોઆપ શાંત થઇ જશે - રોહિત મહેતા
- માણસ જંગલમાં જ્યારે ભૂલો પડી જાય ત્યારે શું કરે? એક જગ્યાએ શાંતિથી બેસી જાય અને દિશાઓનો વિચાર કરે, મન પણ જ્યારે દિશાઓ ભૂલી જાય ત્યારે થંભી જાવ અને તટસ્થ રહી વિચારો-યોગ્ય દિશા મળી જશે - સચ્ચિદાનંદ
- જ્યાં સુધી તમારી પાસે પૂરતી માહિતી ન હોય ત્યાં સુધી કોઇ નિર્ણય ઉતાવળે ન લો, મનને શાંત રાખો - માતાજી
- જે સમસ્યાઓ સામે હારતું નથી એ યુવાન મન છે, અને જે માત્ર ભાવિના સ્વપ્નમાં ક્ષીણ થાય છે તે વૃદ્ધ મન છે.

## બોધકથા

આજકાલ તો બાબાના બેંક એકાઉન્ટો અબજો-કરોડોથી છલકાય છે. મોટાં મોટાં મંદિરોમાં ધન-સંપતિ-ગાદીના કાવાદાવા ચાલે છે, સંત ત્યાગી હોય-સંગ્રહખોર અને પૈસાના મોહ વિનાનો હોય ઇશ્વરે જે આપ્યું હોય એનો એને સંતોષ હોય, કોઇની પાસે કંઇ જ અપેક્ષા ન હોય!

એક વાર બિન-દીનાર નામના એક સૂફી સંત, સંત રાબિયાને મળવા આવ્યા, એમણે જોયું કે સંત રાબિયા પાસે પાણી પીવા એક સાવ તૂટેલા જેવો વાટકો હતો, ફાટેલી ગોદડી અને પથ્થરનું ઓશિકું હતું. તરત બિન-દીનારે એક અનુયાયીને આદેશ આપી કહ્યું, તમે અત્યારે જ જાવ અને રાબિયા માટે જરૂરી સાધન-સામગ્રી ખરીદી લાવો!

રાબિયાએ એમને અટકાવ્યા અને કહ્યું :

જૂઓ! દુનિયાનો એક જ માલિક છે ખૂદા. ખૂદા જ બધાને જરૂર પૂરતી વસ્તુઓ આપે જ છે. શું મને-તમને અને અમીરોને આપનાર એ એકલો જ ખૂદા નથી - એ એની મરજી મુજબ દરેકને જેને જરૂર હોય એટલું આપે જ છે અને એમાં જ આપણે પણ સંતોષ રાખવો જોઇએ, માલિકની મરજીથી વિરૂધ્ધ જવું એ તો નાસ્તિકતા છે.. અને ખૂદા આપણને ભૂલી ગયો છે ને માત્ર અમીરોને જ યાદ રાખે છે. એવું તો છે જ નહીં ને!!

# જોઇએ છે : દેશવિદેશે ભારત-ગૌરવ બની શકે તેવા... પ્રતિભાશાળી રાષ્ટ્રપતિ!

**● જી, રાષ્ટ્રપતિજી!**

છેવટે રાષ્ટ્રપતિ પ્રતિભાદેવી પાટીલે પૂનામાં નિવૃત્ત લશ્કરી અધિકારીઓ માટેની જમીનના પ્લૉટ પર ‘રિટાયરમેન્ટ હાઉસ’ સ્થાપીને રહેવાના નિર્ણયમાંથી હાથ પાછા ખેંચી લીધા!

આને માટે મીડિયાને જ અભિનંદન આપવા જોઈશે. છેલ્લા ૧૫ દિવસથી આ વાત બહાર આવી હતી. દિલ્હીના એક જાણકાર મિત્રો તો કહ્યું કે આખ્ખો દેશ જેમને હસ્તક પ્રજાએ સોંપ્યો હોય તે સો-દોઢસો એકર જમીનની લાલસા રાખે એ કેવો આઘાત છે!

વાત તેમની સાચી છે. દેશનાં વરિષ્ઠ નેતાઓ - જે જાહેરમાં સેવા, દેશપ્રેમ, ગરીબો પ્રત્યે સહાનુભૂતિ, ત્યાગ વગેરેની - વાત કરતા હોય તેમણે પોતાની ચાદર ચોખ્ખી રાખવી એ માત્ર ફરજ નથી, ફરજિયાત કર્મ પણ છે.

પરંતુ સત્તા એવી ચીજ છે કે ત્યાં આવું બધું ભૂલાઈ જાય છે. “જેટલો વખત મળ્યો છે તેમાં પૂરેપૂરી લૂંટફાટ કરી લો” આ એક માત્ર સૂત્ર પ્રમાણે મોટા ભાગનાં રાજકારણી સત્તાધારીઓ વર્તે છે; અને તેમાંથી કોઈક જ પકડાય છે. રાષ્ટ્રપતિ પાટીલ વિષે અખબારો અને ટીવી ચેલનો પર રોજેરોજ ચર્ચા ચાલી પણ રાષ્ટ્રપતિ ભવન મૌન હતું! પછી વાત વંટોળે ચડી એટલે હવે ખુલાસો કર્યો કે ના રે ના, અમે એવી જમીનનો ઈરાદો ધરાવતા જ નથી. આ વાત કહેવી હતી તો પહેલાં જ દિવસે જ કેમ ન કહી દીધી?

રાષ્ટ્રપતિની ચૂંટણી હવે વાર નથી. દેશે નક્કી કરી લેવું જોઈએ કે આપણે કેવા રાષ્ટ્રપતિ જોઈએ છે? ૩૫૦ કરોડ રૂપિયાના ખર્ચે, સગાસંબંધીઓની સાથે વિદેશોમાં સહેલ કરનારાં રાષ્ટ્રપતિ કે ખરેખર, દેશ-વિદેશમાં સુપ્રતિષ્ઠિત અને જરૂર પડ્યે (જેમ રાધાકૃષ્ણને જવાહરલાલને ઠપાર્યા હતા) વડાપ્રધાનને ય સાચી વાત જણાવનારા રાષ્ટ્રપતિ જોઈએ?

રાજકીય પક્ષોને આપણે ફરજ પાડીએ કે બધા એવા રાષ્ટ્રપતિની પસંદગી કરો જે પ્રામાણિક હોય, કોઈ એક પરિવાર કે પક્ષના કૃપાપાત્ર ના હોય, નિષ્ઠાવાન હોય અને બંધારણની ગરીમા પ્રમાણે વર્તે. એ હિંદુ હોય, મુસલમાન હોય, લઘુમતીના હોય, દલિત હોય, આવી બધી ગણતરી કરવી છોડી દો. રાષ્ટ્રપતિ એ રાષ્ટ્રપતિ હોવા જોઈએ.

**● તમારે રાષ્ટ્રપતિ બનવું છે? આ રહી ફોર્મ્યુલા!**

આજકાલ સૌથી વધુ ચર્ચા રાષ્ટ્રપતિ કોણ બનશે, તેની છે. ‘કૌન બનેગા કરોડપતિ’ જેવો આ મામલો નથી કે અમિતાભ સવાલો કરે તેના જવાબ પરથી ‘રેટિંગ’ થાય. અહીં તો રાષ્ટ્રપતિ પદના દાવેદારને કયો પક્ષ કે પક્ષો ટેકો આપશે તેના પર ગણિત મંડાય છે. નામોની યાદી તો લંબાતી જાય છે પણ તેમાં ‘લાયકાત’ નો માપદંડ જોયો, તમે? ‘હમીદ અન્સારી મુસ્લિમ છે... લઘુમતિના પ્રતિનિધિ ગણાય...’ ‘શિવરાજ પાટીલ કે પ્રણવ મુખરજી કોંગ્રેસના વરિષ્ઠોમાંના એક છે...’, ‘સામ પિત્રોડા રાહુલ ગાંધીને ગમે છે...’ આમાં એ.પી.જે. કલામ કે પી. સંગમા જેવા ખર્ચા અર્થમાં પ્રતિભાવંત મહાનુભાવોનો એકડો ભૂંસાઈ જાય, જો સમાજવાદી પક્ષ, તૃણમૂલ કોંગ્રેસ, બીજેડી, ડીએમકે, એઆઈડીએમકે વગેરે સાથે મળીને એક એવા પ્રબળ, પ્રતિભાશાળી ઉમેદવારની પસંદગી ના કરે! કોંગ્રેસ એવું કરવાની નથી. તેમને તો ફખરૂદીન અલી અહમદ, વિ.વિ. ગીરી, સંજીવ રેડ્ડી, ઝૈલસિંઘ અને પ્રતિભા પાટીલની ‘બીજી આવૃત્તિ’ ખપે છે. મુસીબત એ છે કે આ વખતે એકલી કોંગ્રેસ ઉમેદવારોને પસંદ કરી શકે તેમ નથી; બીજા પક્ષોના મત મેળવવા જોઈએ ને? એટલે મુસાયમસિંહ આઘુંપાછું ના કરે તે માટે લાલુપ્રસાદ યાદવની પાસે બોલાવડાવ્યું કે હમીદ અન્સારી યોગ્ય ઉમેદવાર છે... મુલાયમસિંહ વિશે મનાય છે કે જો કોંગ્રેસ સહિતના પક્ષો સંમત થાય તો પોતે જ રાષ્ટ્રપતિ બની જાય!

કોંગ્રેસ બીજા પક્ષોને ગમે તે પ્રકારે સમજાવી - કરીને પોતાની પસંદગીના ઉમેદવારને આગળ ધરે એવી હિલચાલ ચાલી છે એટલે નવી દિલ્હીથી એક પત્રકાર મિત્રે નીચેના રમૂજી નોંધ મોકલી છે.

તમે પણ તેને માણો :

લો, રાષ્ટ્રપતિ બનવું છે, તમારે? જો તમે ૪૦ થી વધુ વય ધરાવતા હો તો, આ રહી માર્ગદર્શિકા.

(૧) તમે મહારાષ્ટ્રના નાના સરખા નગરમાં કે બીજે ટ્રસ્ટ ચલાવતા હો, સંસ્થાનું પાટીયું સાફ કરીને, ત્યાં લગાવો.



**મારી નજરે**

**- વિષ્ણુ પંડ્યા**

(૨) તમે નહેરૂ-ગાંધી પરીવારના કોઈ મોટા નેતાને (પણ તે મેનકા ગાંધી કે વરૂણ ગાંધી ના હોવા જોઈએ, એ ખાસ યાદ રાખવું.), મોટા ભાગે માતા કે યુવરાજને (કોઈકવાર જમાઈ કે દીકરી પણ ચાલી શકે. દીકરીને બોલાવો તો તેના બાર-પંદર વર્ષના સુપુત્રો-પુત્રીઓને બોલાવવાનું ભૂલશો નહીં.) ખાસ આમંત્રણ આપો અને આ સંસ્થાના કોઈ પ્રોજેક્ટને ખુલ્લો મૂક્વા વિનંતી કરો.

(૩) જે પત્ર લખો તેમાં અમૂક લખો કે રાજીવ ગાંધી, શ્રીમતી ઈન્દિરા ગાંધી, જવાહરલાલ નહેરુ અને મોતીલાલ નહેરુ સુધીના ‘મહાન નહેરુ પરિવાર’ ની સીથે કેવો ગાંઢ સંબંધ અમારા પરિવારને રહ્યો હતો.

(૪) બની શકે તો એવી કોઈ જૂની તસ્વીર મઢીને ઓફિસમાં લગાડજો.

(૫) તમે કોંગ્રેસના સભ્ય રહ્યા હતા ખરા? કોઈ વાંધો નહીં, હવે થઈ જાઓ. અને જણાવો કે કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ - શ્રીમતી ઈંદીરાજી, જવાહરલાલ નહેરુ જ - હતા, તેમને ભારે નિષ્ઠાથી અમે માનતા આવ્યા છીએ.

(૬) તમારાં નગરમં જે કોંગ્રેસનો હોય તેમની સાથે પણ વાર્તાલાપ કરો. રાજયના મુખ્યમંત્રી (જો કોંગ્રેસ સરકાર હોય તો) સાથે સંપર્ક કરો. પક્ષ-પ્રમુખને મળો. સગાંવહાલાંઓ માટે ધારાસભા કે લોકસભા કે રાજયસભા માટે ટીકીટ માગો.

(૭) કેન્દ્રમાં ભૂલેથી ય કોઈ બીજા નેતાઓ સંપર્ક રાખશો નહી. હાં, કોઈ અંગ્રેજી મીડિયાની ઓળખ હોય તો તેમાં એકાદ એવો લેખ છપાવો, જેમાં દેખીતી રીતે ઈન્દિરા-રાજીવ - ગાંધી નહેરુ - પરિવારમાં ‘મહાન ગુણ’ નું વર્ણન હોય... અને આડકતરી રીતે તમારા એ નહેરુ - ગાંધી પરીવાર સાથેનાં ‘ગાઢ’ ‘વફાદાર’ સંબંધની વાત કહેવાયેલી હોય.

હા, એ લખવું જરૂર ભૂલશો નહીં કે ૧૯૭૭માં શ્રીમતી ઈન્દિરા ગાંધીથી કોંગ્રેસના બીજા નેતાઓ અલગ થવા લાગ્યા હતા ત્યારે પણ તમે તેમની પડખે ઊભા રહ્યા હતા...

આ સાપ સીડી ચડીને તમે એવું વાતાવરણ પેદા કરી શકો કે રાજયપાલ, મુખ્યપ્રધાન, પ્રધાન, વાઈસ ચાન્સેલર વગેરે પોસ્ટ પર કેવી ‘સેવા’ બજાવી હતી...

કદાચ, તમે આગામી દિવસોમાં રાષ્ટ્રપ્રમુખ બની શકો! હિન્દુસ્તાનનું આ સર્વોચ્ચ પદ ‘કોંગ્રેસ વફાદારી’ વિના કેમ ચાલે?

**● આટલા હરખઘેલા ના થાઓ...**

સચીન તેંડુલકરનો રાજયસભાના સભ્ય તરીકે રાષ્ટ્રપ્રમુખે નિયુક્ત કર્યો. બીજા બે ‘નિયુક્ત સભ્યો’ માં અભિનેત્રી રેખા એન અનુ આગા પણ પસંદ કરાયાં છે. રેખા તો જાણે, બધાનું પરિચિત નામ છે, પણ અનુ આગાને ઓછા લોકો જાણતા હશે. એ ઉદ્યોગપતિ મહિલા સ્ત્રીસશક્તિકરણના પ્રચારાર્થી છે અને સોનિયા ગાંધી ‘નૅશનલ એડ્વાઈઝરી કમિટી’ નાં સભ્ય છે.

બંધારણની ૮મી કલમ હેઠળ રાષ્ટ્રપતિને ૧૨ સભ્યો નિયુક્ત કરવાનો અધિકાર છે, નામો સાહિત્ય, કળા, સ્થાપત્ય, અભિનય, રમતગમત, સંગીત વગેરેમાં મહત્વનુંપ્રદાન કરનારામાંથી પસંદ કરવાં એવો નિર્દેશ છે.

સચીનને તો ‘ભારત રત્ન’ બનાવવો જોઈએ એમ મરાઠી લૉબીનું માનવું છે. ‘ભારત રત્ન’ સરદાર અને સુભાષ કે આંબેડકરને મળે તે રીતે સચીનને ય મળે! આ તર્ક બરાબર જામતો નથી. એ ઠીક છે કે ક્રિકેટ નામની સમયને તદ્દન વેડફનારી બેતુકી રમત પાછળ આપણે પાગલ છીએ. ‘મેચ ફિકસીંગ’ અને બીજી રીતે ક્રિકેટરો કરોડો રૂપિયા - મજુરી કર્યા વિના કે બુધ્ધિ વાપર્યા વિના - કમાયા છે. જલસાં કરે છે, ‘આઈપીએલ’માં કરોડોની હેરાફેરી થાય છે. ક્રિકેટ આપણી રમત નથી. બ્રિટીસ સામ્રાજયવાદની આ ચાલાકીભરી બક્ષિસ છે; જેમાં ચોવીસ લોકો સાચું ખોટું ટચાકટચાક રમ્યા કરે ને આપણે - કરોડોની સંખ્યામાં - આખો દિવસ તેમને જોતાં બેઠા રહીએ. અને કરોડો માનવ - શ્રમદિવસનો બગાડો કરીએ છીએ.

સચીન કોઈ ઊંચા પ્રકારની વૈજ્ઞાનિક શોધ કરી નથી. જનહૃદયમાં સ્થાપિત ઉત્તમ સાહિત્ય રચ્યું નથી. સંગીત-સાધનાની વિશ્વના મંચ પરના સ્થાન મેળવ્યું નથી. હિમાલય પરનું કઠિન પર્વતારોહણ કર્યું નથી. સમુદ્રતરણનું સાહસ કર્યું નથી. સરહદના મોરચે યુધ્ધ કર્યું નથી, ગરીબોને રાહત આપે તેવી સમાજસેવા કરી નથી. કચ્છના ધરતીકંપમાં મોટી મદદ કરી નથી.

(અનુસંધાન પાના નં. ૭ પર)

# ગુજરાત સ્થાપનાદિન અને મહાગુજરાત ચળવળ ઐતિહાસિક સંદર્ભમાં

૧૯૪૭ થી ૧૯૬૦ નો સમય ભારતના ઇતિહાસમાં ઐતિહાસિક અને નિર્ણાયક બની રહ્યો. આ વર્ષોમાં બ્રિટીશ શાસનની ચુંગાલમાંથી ભારતે રાજકીય સ્વાધીનતા પ્રાપ્ત કરી. તેના પરિપાકરૂપે ગુજરાતે પણ મુક્તિનો શ્વાસ લીધો. પરંતુ ગુજરાતમાં બે વિષમ પરિસ્થિતિઓ પ્રજાએ સામનો કરવા માટે રહીં. સંખ્યાબંધ રજવાડાંમાં વિખરાયેલાં પ્રદેશોનું વિલીનીકરણની પ્રક્રિયા અને બ્રિટીશ શાસન દરમિયાન ગુજરાતનું સાંસ્કૃતિક વહીવટી દૃષ્ટિએ જે નહોતું થયં તેનું પુનઃ નિર્માણ કરવાનું. જેથી ગુજરાતી પ્રજાને પોતાની અસ્મિતા વ્યક્ત કરવાની પૂરતી તક મળી રહે.

આ સમયે સરદાર વલ્લભભાઇ પટેલની લોખંડી પ્રતિભા વિલીનીકરણ માટે અસરકારક રહી અને ગુજરાતના અન્ય પ્રદેશો કચ્છ અને સૌરાષ્ટ્ર ગુજરાતના કેટલાક ભાગોને વિલયના માર્ગે લઇ ગયાં અને તેથી તેના એકીકરણ માટે સૌરાષ્ટ્રનું અલગ રાજય કચ્છમાં કેન્દ્રનું શાસન અને બાકીના ગુજરાતનો મુંબઇમાં સમાવેશ કરવો, એ પ્રમાણે વ્યવસ્થા હતી. ધીમે-ધીમે પ્રજાની ભાવનાને પ્રોત્સાહિત કરતી ગુજરાતના એકમની માંગ જોરશોરથી આકાર પામવા લાગી અને તેને માટે એક ઉગ્ર લડત, પરસ્પર, વિચારણાઓ મંથનનો તબક્કો આવ્યો. જેના પરિપાકરૂપે ગુજરાતને અલગ રાજયની માન્યતા મળી અને ઇ. સ. ૧૯૬૦ ની ૧ લી મે અલગ રાજયની સ્થાપના થઇ.

ભારતમાં ગુજરાતની સમૃધ્ધ, સુખી, સુવિધાપ્રદ, અનેકવિધ દૃષ્ટિથી મહત્ત્વપૂર્ણ રાજય તરીકે વિકાસશીલ રાજયોમાં ગણના આજે થઇ રહી છે

જયારે મહાગુજરાતનું આંદોલન શરૂ થયું ત્યારે એવો પ્રચાર ચાલેલો કે ગુજરાત અને મહારાષ્ટ્ર અલગ રાજયો થવાથી ગુજરાત રાજય તો ટકશે જ નહિ ગુજરાત રાજયનો આજે જે વિકાસ થયો છે તે વિકાસની કલ્પના જ નહોતી. તેથી ગુજરાત મુંબઇ સહિતના દ્વિભાષી રાજય તરીકે સ્વીકારી લેવું. એ ગુજરાતના હિતમાં હતું. એ હકીકત આજે ખોટી પડી છે. ગુજરાતનો વિકાસ ખૂબ જ સુંદર થઇ રહ્યો છે. તેમાં સહુ કોઇ સૂર પુરાવે છે. મુંબઇ શહેર મહારાષ્ટ્રમાં ન જાય તેથી કેટલાક સ્થાપિત હિતોએ કાગારોળ કરી મુકેલી. મુંબઇ શહેરને અલગ રાખવાની જીદ પકડાઇ અને તેમાંથી દ્વિભાષી રાજયના સર્જનની પરિસ્થિતિ પેદા થઇ. મુંબઇ શહેર મહારાષ્ટ્રમાં રહેવાથી ગુજરાત ટકી શકે તેમ નથી. તેવી વાત આજે કોઇ યાદ પણ કરતું નથી. ગુજરાતના કાયદાઓમાં કેટલીક જગ્યાએ મુંબઇ એક્ટ તરીકે ઉલ્લેખ જોવા મળે છે. પરંતુ માત્ર મુંબઇને કારણે મુંબઇમાં અને ગુજરાતમાં ભારે જાનહાનિ થઇ. માલ મિલકતને પણ નુકશાન થયું. ઘણા બધાં માણસો જેલમાં ગયા. મુંબઇ વસતા ભારતના તમામ રાજયોનાં લોકો પોત-પોતાના વ્યવસાય રોજગાર ભૂતકાળમાં કરતાં હતા. તે રીતે આજે પણ કરે છે. મુંબઇ શહેર મહારાષ્ટ્રમાં જવાથી મુંબઇનાં કોઇ વર્ગને નુકશાન થયું હોય તેવું જણાતું નથી. આમ મુંબઇની મમતાને કારણે આ આખુંયે મહાભારત રચાયું અને તેમાંથી ‘મહાગુજરાત’ આંદોલનનો પ્રારંભ થયો.

આ ચળવળમાં ગુજરાતના કેટલાયે વિદ્યાર્થીઓ, નગરજનો, શ્રેષ્ઠીઓ, વગેરેએ પોતપોતાની રીતે સહકાર આપેલો. જેમાં બ્રહ્મકુમાર ભટ્ટ, હરિહર ખંભોળજા, ઠાકોરભાઇ દેસાઇ, જયંતિ દલાલ, ઇન્દુલાલ યાજ્ઞિક (ઇન્દુચાચા), પ્રભુદાસ, રામજીભાઇ, કાશી પારેખ, રતિલાલ ખુશાલદાસ, મહેન્દ્રભાઇ દેસાઇ, પુરૂષોત્તમભાઇ પટેલ, રવીન્દ્ર ભટ્ટ, રામોલિયા, જશવંત, સુતરીયા, હરિપ્રસાદ શુક્લ જેવા મહાન વ્યક્તિઓએ મહત્ત્વનો ભાગ ભજવેલો, જે નોંધ પાત્ર હકીકત છે.

ગુજરાતને અલગ થયે ૫૨ વર્ષ પૂર્ણ થયા છે. આ સમય દરમિયાન ગુજરાતની અંદર વહીવટ, શાસન, વિકાસ, રાજકારણ અને પ્રવાહોમાં ઘણું બધું પરિવર્તન થતું રહ્યું. આજે ગુજરાતની પ્રગતિશીલ રાજયોમાં ગણના થઇ રહી છે.

અમદાવાદ એ સમયે પણ મહત્ત્વનું કેન્દ્ર હતુ અને આજે પણ છે. આજે મુંબઇ જેવું તો નહીં પરંતુ મુંબઇનું સ્થાન લઇ રહ્યું છે, જે હકીકત છે. હંમેશાં અમદાવાદમાં જે કંઇ બને તેની અસર સમગ્ર ગુજરાતમાં પડતી હોય છે. ગાંધીયુગમાં પણ અમદાવાદ શહેરના કાર્યક્રમોની વ્યાપક અસર ગુજરાતમાં થતી. આ ચળવળમાં હિંદુ મુસ્લિમ એકતાના દર્શન થયેલા. ગુજરાતનો વિકાસ સુંદર રીતે ક્રમશઃ થતો રહ્યો છે આ ‘મહાગુજરાત ચળવળ’ ગુજરાત માટે એક સીમાચિહ્ન અને યાદગાર ઘટના હતી. જેની આજે નોંધ લઇ ગુજરાતના ઘડવૈયા અને શિલ્પીઓને સાચા હૃદયથી યાદ કરીએ.

“જય જય ગરવી ગુજરાત.”

**- ડો. કનૈયાલાલ ર. નાયક**

# સાહિત્યમાં વન-સૃષ્ટિની વનલીલા

સાહિત્ય સમાજનું દર્પણ છે, સમાજ માનવીઓનું દર્પણ છે; માનવી લાગણીઓનું દર્પણ છે; લાગણી પ્રકૃતિનું લક્ષણ છે; પ્રકૃતિ સ્વયં કુદરત છે. કુદરતની સૃષ્ટિ અનંત છે. કુદરતમાં કુદરતી રીતે જો કોઈ વર્તતું હોય તો તે વન સૃષ્ટિ છે. વન સૃષ્ટિ એ સાહિત્યકારોનાં દિલ ઉપર એવાં કામણ કર્યાં છે કે સાહિત્યમાં ડગલે ને પગલે આ વન સૃષ્ટિનું વર્ણન જોવા મળે જ.

જગતભરમાં હજુ કોઈ સાહિત્યકાર પેદા નથી થયો કે જેની રચનાઓમાં વસંત, આમ્રમંજરી, કેસૂડો, પુષ્પો, વેલ, ફળ, ડાળ, કોયલ, મોર, કૂંપળ, ભ્રમર, કળી, પાંદડી, કેળ, તુલસી, ગુલાબ, વૃક્ષો, વનસ્પતિનો કોઈ ઉલ્લેખ ન થયો હોય! હવામાં જેમ ઓક્સિજન હોય જ - બસ એ જ રીતે સાહિત્યમાં વન સૃષ્ટિનો કોઈને કોઈ રીતે ઉલ્લેખ હોય જ!

સાંદિપની આશ્રમમાં શ્રીકૃષ્ણ - સુદામા લાકડાં વીણવા જાય છે; વેદોમાં યજ્ઞોમાં સમિદ માટે અરણી વૃક્ષનો ઉલ્લેખ છે; મહાભારતમાં પાંડવો શસ્ત્રો ખીજડાના વૃક્ષ ઉપર ટીંગાડે છે; રામાયણમાં પંચવટી વગર રામ અધૂરી છે; મનુસ્મૃતિ, વિદૂરનીતિ, ચાણક્યનીતિ; કવિ કાલીદાસનું મેઘદૂત અને ઋતુસંહાર વાંચો તો વનસૃષ્ટિ શું છે એ સહેજે સમજાઈ જાય.

કવિતા, ગઝલ, ગીત, નિબંધ, નવલિકા, નવલકથા જેવા સાહિત્ય પ્રકારોમાં વનસૃષ્ટિના થયેલ વર્ણનો કરવા બેસીએ તો આખું એક અલગ પુસ્તક થાય. સ્થળ સંકોચના કારણે અહીં એ શક્ય નથી બન્યું તો વાચકો દરગુજર કરે પણ તા. ૨૧-૩-૨૦૧૨ ના રોજ વિશ્વ વન દિવસ છે ત્યારે મૂંગા બેસી રહેવાનું પણ પાલવે તેમ નથી. આથી માત્ર ‘પદ્ય - સાહિત્ય’ માં વનસૃષ્ટિને લગતી કેટલીક અવિસ્મરણીય રચનાઓમાંથી બધાને ગમે તેવી ઉદાહરણ રૂપ પંક્તિઓ મમળાવી વૃક્ષોની વંદના કરી લઈએ તો પણ વનરાજી રાજીરાજી.

“કે કોમળતા જ કોમળતાની સાચી લાજ રાખે છે;
પતન પામ્યું ઝાકળ તો સન્માન કર્યું ફૂલોએ.”

આવો - આવી કોમળતા ધારણ કરી વનસૃષ્ટિમાં એક લટાર થઈ જાય.

સાહિત્યમાં વન-સૃષ્ટિની વનલીલા :-

- કાલ તો હવે વડલા ડાળે ઝૂલશું લોલ
  કાલ તો હવે મોરલા સાથે કૂદશું લોલ
  ઝૂલતાં ઝોકો લાગશે મને, કૂદતાં કાંટો વાગશે મને
  વાગશે રે બોલ વાલમના... ઘરમાં સૂતી સાંભળું રે...
  (ગીત - મણિલાલ દેસાઈ)
- ભોમિયા વિના મારે ભમવા’તા ડુંગરા,
  જંગલની કુંજ કુંજ જોવી હતી.
  જોવી’તી કોતરો ને જોવી’તી કંદરા
  રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી.
  (કવિતા - ઉમાશંકર જોશી)
- મને ફાગણનું એક ફૂલ આપો કે લાલ મોરા
  કેસૂડો કામગણગારો જી હો... મને...
  (ઊર્મિગીત - સુંદરમ્)
- સરવરિયા પાળે, આંબાની ડાળે
  આજ આનંદે કૂદાકૂદ કરીએ રે
  ચાલો, ચાલો સંતાકૂકડી રમીએ રે... સરવરિયા
  (બાળગીત - અજમલ રાઠોડ)
- મારું વનરાવન છે રૂડું, વૈકુંઠ નહીં રે આવું,
  એ... ત્યાં હું નંદકુંવર કયાંથી લાવું? નંદજીના લાલ રે..
  (રાસ - નરસિંહ મહેતા)
- મ્હેંદી તે વાવી માળવે, એનો રંગ ગયો ગુજરાત રે
  (લોકગીત - ઈન્દુલાલ ગાંધી)
- આલા લીલા વાંસડિયા રે વઢાવું
  એની રે ઉતરાવું રે પ્રભુજીની વાંસળી રે લોલ
  (ગરબો - લોક સાહિત્ય)
- પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં
  જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ
  એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યાં..
  (સુગમ સંગીત - હરીન્દ્ર દવે)
- મ્હારી વેણીમાં ચાર ચાર ફૂલ
  અંબોડલે સોહે સોહામણી એ ઝૂલ
  (ફિલ્મી ગીત - અવિનાશ વ્યાસ)
- વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું જોઉં પટંતરો એ જ પાસે
  ભણે નરસૈયો એ મનતણી શોધના, પ્રીત કરું પ્રેમથી પ્રકટ થાશે
  (પ્રાર્થના - નરસિંહ મહેતા)
- શ્રાવણ જલ બરસે, સુંદર સરસે બદલ ભરસે, અંબર સે
  તરુવર વિરિવરસે, લતા લહર સે, નદિયાં પરસે, સાગર સે
  દંપતી દુઃખ દરસે, સેજ સમરસે, લગત જ હરસે, દુઃખકારી
  કહે રાધે પ્યારી, હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી
  (ચારણી છંદ - લોક સાહિત્ય)
- સરોવર, તરુવર, સંતજન, ચોથા બરસત મેહ,
  પરમારથ કે કારણે, ચારે ધરિયા દેહ
  (દોહો)
- આદર કરે અપાર, તે ભોજન ભાજી ભલી
  આણે મન અહંકાર, કડવું ઘેબર કિસનિયા
  (સોરઠો)
- આંબા ડાળે કોયલ રાજી, મચ્છી રાજી જળમાં,
  ઘરબારી તે ઘરમાં રાજી, જોગી રાજી વનમાં
  (સાખી)
- ખગ મૃગ બૃંદ અનંદતિ રહહી મધુપ મધુર ગુંજત છબિ લહહી
  સો બન બરનિ ન સક અહિરાજા, જહાં પ્રગટ રઘુબીર બિરાજા (ચોપાઈ - તુલસીદાસ)

- જયાં શ્રીરામ દંડકારણ્ય વનમાં નિવાસ કરી રહ્યાં છે તેની શોભાનું વર્ણન તો સ્વયં શેષનાગ પણ કરી શકવા શક્તિમાન નથી.

- મૂળ, ડાળ, પત્ર, ફળ, ફૂલ, સુવર્ણ ઝાડ જેમ એક જ મૂલ
  રૂપ રંગ શોભા એકાતં, તેમાં બીજું દેખે તે ભ્રાંત
  અન્ય નથી અખા કો કાળ, આપ આદ્યે દઈ એવું બાળ
  (છપ્પા - અખો)
- અરે! ન કીધાં ફૂલ કેમ આંબે, કર્યા વળી કંટક શા ગુલાબે?
  સુલોચનાને શિર અંધ સ્વામી, અરે! વિધાતા તુજ કૃત્ય ખામી
  (સુભાષિત - દલપતરામ)

(અનુસંધાન પાના નં. ૭ પર)

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૨૯મી એપ્રિલ રાજા રવિવર્માનો જન્મદિન**

ચિત્રો દ્વારા ભારતીય સંસ્કૃતિને અમર બનાવનાર રાજા રવિવર્માનો જન્મ ૨૯-૪-૧૮૪૮.

પૌરાણિક કથાઓ આધરીત પાત્રોના ભાવવાહી ચિત્રો બનાવનાર, અદ્દ્ભૂત અવલોકન શક્તિ ધરાવનાર, બ્રિટીશ સરકાર તરફથી ‘કૈસરે હિન્દ’ નો ઇલ્કાબ મેળવનાર આ ચિત્રકારે ૫૦૦ જેટલાં ચિત્રો બનાવ્યા.

- અમદાવાદના મિલ ઉદ્યોગના સ્થાપક શેઠ રણછોડલાલ છોટાલાલનો જન્મ - ૧૮૩૦.
- અમરાવતી જિલ્લાના પવાલી ગામે સંત તુડકોજીનો જન્મ. ભારત સાધુ સમાજના સ્થાપક હતા.
- ૨૯-૪-૧૦૩૦ માં મહંમદ ગઝનવીનું અવસાન.
- ૨૯-૪-૧૯૩૯



દિલ્હીનો મશહૂર લાલ કિલ્લો બાંધવાનો પ્રારંભ.